રે. દિ. મુ. નંબર : ૦૯/૨૦૨૫

सत्यमेव जयते

રજુ તારીખ : ૧૭/૦૨/૨૦૨૫
દાખલ તારીખ : ૧૭/૦૨/૨૦૨૫
ફેસલ તારીખ :૦૫/૦૫/૨૦૨૬
સમયગાળો : ૦૧ વર્ષ ૦૨ માસ ૧૮ દિવસ

## ભાણવડના મહે. પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ભાણવડ

રે.દિવાની મુકદમા નંબર : ૦૯/૨૦૨૫
આંક :

વાદી : પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.
મારફતે :– નાયબ ઈજનેરશ્રી,
પી.જી.વી.સી.એલ. ભાણવડ સબ ડીવીઝન,
મું.ભાણવડ, તા.ભાણવડ., જી.દેવભુમિ દ્વારકા.

વિરૂધ્ધ

પ્રતિવાદી: જયોત્સનાબેન વા/ઓ હીતેશભાઈ સાગઠીયા,
ઉ.વ.આ.પુખ્ત, ધંધો : ઘરકામ,
રહે. પટેલ સમાજ રોડ, મંદિરની સામે,
ભાણવડ, તા.ભાણવડ, જી.દેવભુમી–દવારકા

દાવો : વિજ વપરાશની લેણી રકમ રૂા.૧,૩૭,૬૬૫–૮૫ પૈસા વસુલ મળવા બાબત...

..........................................................................................

| | |
|---|---|
| વાદી તરફે વિ.વ.શ્રી | : એમ.ટી.નાણાવટી |
| પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી | : એકતરફી |

..........................................................................................

## જ જ મે ન્ટ

(૧) આ કામના વાદી કાયદાથી રચાયેલ સંસ્થા છે અને પોતાના નિયમો ઘડી પશ્ચિમ ગુજરાતમાં વીજળી વિસ્તરણ અને વિતરણની સેવાઓ આપે છે. વાદી સંસ્થા વિજળી બીલ માટે ચોકકસ ટેરીફ (ભાવ) ધરાવે છે અને કાયદેસરના ગ્રાહકો જે વીજળી વાપરે તે વિજ પ્રવાહ એનર્જી મીટરમાં થઈને જે તે ગ્રાહકના વપરાશમાં જાય છે. આ કામના પ્રતિવાદી વાદીના ગ્રાહક નથી. આ કામના પ્રતિવાદી ભાણવડ શહેરનાં રહીશ છે. પ્રતિવાદી ભાણવડ શહેરમાં વેરાડ નાકા બહાર પટેલ સમાજ રોડ ઉપર મંદિરની સામેની ગલીમાં માલીકીનાં મકાન ધરાવે છે. આ

કામનાં પ્રતિવાદીએ પોતાના મકાન ઉપર રહેણાંકનાં હેતુ માટે પાવર ચોરી કરી વિજ વપરાશ કરેલ.

(૨) આ કામના વાદી સંસ્થાના અધિકારી તથા સ્ટાફ તા.૧૩/૦૮/૨૦૨૪ ના રોજ ચેકીંગમાં હતા ત્યારે ભાણવડ શહેરનાં વેરાડ નાકા બહાર પટેલ સમાજ રોડ ઉપર મંદિરની સામેની ગલીમાં પ્રતિવાદીનાં માલીકીનાં મકાન આવેલા છે તે મકાનની સામે આવેલ વીજ પોલ ઉપર પીળા રંગનો ખાનગી કેબલથી લંગર નાંખી તે કેબલને મકાનનાં લોડ સાઈડમાં સીધો લગાડી પ્રતિવાદી અનઅધિકૃત રીતે વીજ પ્રવાહ વાપરતા પકડાયેલ. પ્રતિવાદીના મકાને હિતેશભાઈ હાજર હતા. આ કામના પ્રતિવાદી પોતાના રહેણાંક મકાને પંખા–૩, લેમ્પ–૬, ટીવી–૧, ફ્રીઝ–૧, એ.સી.–૧, પાણીની મોટર–૧ મળીને કુલ ૨૪૫૪ વોટ વીજ ચોરી કરતા પકડાયેલ. વાદીના અધિકારીએ ૨૦ મીટર જેટલો કેબલ વાયર કબજે લીધેલ. વાદીના અધિકારીએ પાવર ચોરી પકડી સ્થળ પર તપાસણી અહેવાલ તથા રોજકામ તૈયાર કરેલ. પ્રતિવાદીએ ચોરી કરીને વાપરેલ વિજળીનુ વાદીના ધારા ધોરણ મુજબ હિસાબ કરી પ્રતિવાદીને વીજ વપરાશનું વીજ બીલ આપવામાં આવેલ હતું જે વીજ બીલ ભરપાઈ કરેલ નહી. આમ, આ કામના પ્રતિવાદી પાસેથી વીજ બીલની રકમ ભરપાઈ કરવા નોટિસ પણ આ કામના પ્ર તિવાદીને તા.૨૪/૦૯/૨૦૨૪ ના રોજ પત્ર લખી નોટિસ આપેલી હતી, જે નોટિસ તેઓને મળી ગયેલ હોવા છતાં પ્રતિવાદીએ બાકી લેણી રકમ ભરપાઈ કરેલ નથી. આમ, આ કામના પ્ર તિવાદી સામે તેઓને કાયદેસરની લેણી રકમ બાકી પડે છે. જે રકમ વસુલાત ન આપતા હાલનો દાવો કરવાની તેઓને ફરજ પડી હોવાની હકીકત જણાવી તેઓએ તેમના દાવા અરજીના પેરા નં . ૧૧ માં માંગ્યા મુજબની દાદ મેળવવા હાલનો દાવો કરેલ છે.

(૩) આ કામના પ્રતિવાદીને દાવાના સમન્સની આંક–૦૫ થી ધોરણસર બજવણી થવા છતાં હાજર રહેલા ન હોય, સબબ આ કામના પ્રતિવાદી વિરૂધ્ધ આંક ૧ લગત એકતર્ફી કામ આગળ ચલાવવાનો હુકમ ફરમાવવામાં આવેલ હતો.

(૪) દાવામાં રજુ થયેલ નિવેદનો તથા દસ્તાવેજી આધારે નીચે મુજબના મુદ્દા ઘડવામાં આવેલ છે.

| SR.NO | ISSUES |
|---|---|
| 1. | શું વાદી પુરવાર કરે છે કે, આ કામના પ્રતિવાદી ભાણવડ ગામના વેરાડ નાકા બહાર પટેલ સમાજ રોડ ઉપર મંદીરની સામેની ગલીમાં પ્રતિવાદીના માલીકીના મકાન આવેલા છે તે મકાનની સામે આવેલ વીજ પોલી ઉપર પીળા રંગનો ખાનગી કેબલથી લંગર નાખી તે કેબલને મકાનનાં લોડ સાઈડમાં સીધો લગાવી અનઅધિકૃત રીતે પાવર ચોરી કરતા તા.૧૩/૦૮/૨૪ ના રોજ પકડાયેલ હતો ? |
| 2. | શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી તેઓના રહેણાંક મકાનમાં પંખા–૩, લેમ્પ–૬, ટીવી–૧, ફ્રીઝ–૧, એસી–૧, પાણીની મોટર–૧ મળીને કુલ ૨૪૫૪ વોટ વીજળી વાપરતા પકડાયેલ ? |

| | |
|---|---|
| 3 | શું વાદી પુરવાર કરે છે કે, વાદી કંપની દવારા વીજ વપરાશ અન્વયે ગણતરી કરી વીજ વપરાશનાં રૂા.૧,૩૦,૨૪૩–૩૧ પૈસા નું બીલ પ્રતિવાદીને આપેલ હતુ જે બીલ ભરવામાં પ્રતિવાદીએ કસુર કરેલ હતી? |
| 4 | શું વાદી તેઓની દાવા અરજીમાં જણાવેલ રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર છે ? જો હા તો કેટલા ટકા લેખે વ્યાજ મેળવવા હકકદાર છે ? |
| 5 | શું વાદી તેઓની દાવા અરજીના પેરા નં.૧૧ માં માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ? |
| 6 | શું હુકમ અને હુકમનામું ? |

(૫) દાવામાં રજુ થયેલ પુરાવાને દાવા અરજી તથા લેખિત જવાબ સાથે ધ્યાને લેતા ઉપરોકત મુદદાઓ અંગે નીચે મુજબના તારણો આપવામાં આવેલ છે.

| SR.NO. | FINDINGS |
|---|---|
| 1. | હકારમાં |
| 2. | હકારમાં |
| 3. | હકારમાં |
| 4 | અંશત: હકારમા, ૬ % ના વાર્ષિક વ્યાજ સહીત |
| 5. | અંશત: હકારમાં |
| 6. | આખરી હુકમ મુજબ |

(૬) દાવાના કામે પક્ષકારો તરફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા નીચે મુજબ છે.

(અ) વાદી તરફે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા

| ક્રમ | દસ્તાવેજનો પ્રકાર | આંક |
|---|---|---|
| ૧. | વાદી નાયબ ઈજનેર સંદિપકુમાર અંબેલાલ પટેલનું પુરાવાનુ સોગંદનામું | ૧૦ |
| ૨. | દાવો દાખલ કરવાની પરવાનગીનો જાવક | ૧૨ |
| ૩. | દાવો દાખલ કરવાની પરવાનગી | ૧૩ |
| ૪. | એફ.આઈ.આર.નો પરીપત્ર | ૧૪ |

રે. દિ. મુ. નંબર : ૦૯/૨૦૨૫

| | | |
|---|---|---|
| ૫. | એફ.આઈ.આર.નો જાવક | ૧૫ |
| ૬. | એફ.આઈ.આર. | ૧૬ |
| ૭. | તપાસણી અહેવાલ | ૧૭ |
| ૮. | રોજકામ તથા નકશો ફોટોગ્રાફસ સાથે | ૧૮ |
| ૯. | એનેક્ષર–૪ | ૧૯ |
| ૧૦. | ગેઈટપાસ | ૨૦ |
| ૧૧. | પ્રમાણપત્ર | ૨૧ |
| ૧૨. | એરીયર્સ બ્રેકઅપ ફોર્મ | ૨૨ |
| ૧૩. | એનેક્ષર–સી | ૨૩ |
| ૧૪. | વીજ ચોરીનું બીલ | ૨૪ |
| ૧૫. | કંપાઉન્ડીંગ ચાર્જનું બીલ | ૨૫ |
| ૧૬. | પુરવણી બીલનો પત્ર | ૨૬ |
| ૧૭. | એકનોલેજમેન્ટ | ૨૭ |
| ૧૮. | લીગલ નોટીસ | ૨૮ |
| ૧૯. | એ.ડી.કુપન | ૨૯ |
| ૨૦. | એકનોલેજમેન્ટ | ૩૦ |
| ૨૧. | ટ્રેકીંગ રિપોર્ટ | ૩૧ |
| ૨૨. | દાવાની રકમનું ગણતરી પત્રક | ૩૨ |
| ૨૩. | સ્થળ તપાસણી અહેવાલ | ૩૩ |
| ૨૪. | બ્રીફ નોટ | ૩૪ |
| ૨૫. | પ્રફોમા–૧૨ | ૩૫ |
| ૨૬. | સાહેદ નાયબ ઈજનેર મુકેશભાઈ રવજીભાઈ નકુમનું પુરાવાનું સોગંદનામુ | ૩૮ |

બાદ આ કામે આંક : ૩૯ થી વાદી તરફે કલોઝીંગ રજુ રાખવામાં આવેલ છે. વાદીના વિ.વ.શ્રીની દલીલ સાંભળી. આ કામે પ્રતિવાદી તરફે કામ એક તરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૭) દાવાના કામે ઘડવામાં આવેલ મુદદાના જવાબના મારા કારણો નીચે મુજબ છે. આ કામે ઉપરોકત મુદદા નંબર : ૧ થી ૬ ની હકિકત વંચાણે લેતા પરસ્પર એક બીજા સાથે સંકળાયેલ હોય તેના કારણોની નોંધ એક સાથે કરવામાં આવેલ છે.

:: કા ર ણો ( મુદદા નંબર : ૧ થી ૬ સબબ સંયુકત ) ::

(૭.૧) આ કામે દાવાની હકિકત પુરવાર કરવાની પ્રાથમિક જવાબદારી વાદીની રહે છે. આ કામે વાદી તરફે પોતાની દાવાની હકિકત પુરવાર કરવા મૌખિક પુરાવો રજુ રાખવામાં આવેલ છે. જેઓએ આ કામે સી. પી. સી. હુકમ : ૧૮ નિયમ : ૪ મુજબ લેખિતમાં સોગંદ પર સરતપાસનુ સોગંદનામુ રજુ રાખી દાવાની હકિકતને સમર્થન પુરુ પાડેલ છે. તેમજ આંક–૩૮ ના સાહેદ ધ્વારા દાવાની હકીકતને સમર્થન આપેલ છે અને આ કામના પ્રતિવાદીએ ચોરી કરેલ હોય, તેવી હકીકતને સમર્થન કરેલ છે. તેમજ આંક–૩૮ વાળા સાહેદ ખુદ જ ચોરી પકડનાર હોવાની હકીકત તેઓને તેમની લેખિત સરતપાસ દરમ્યાન જણાવવામાં આવેલ છે. તેમણે કરેલ કાર્યવાહી અંગેનો પુરાવો રજુ રાખેલ છે, તે સંજોગોમાં વાદી તરફે રજુ મૌખિક પુરાવાની સત્યતા અને દાવાની હકીકતે બનાવ બનેલાની હકિકત શંકાસ્પદ બનેલ નથી. આ કામે વાદીનો કેસ છે કે પ્રતિવાદીએ વીજ ચોરી કરેલ હોય, વીજ ચોરી અંગેનું વીજ બીલ આ કામના પ્રતિવાદીને આપવામાં આવેલ હોવાની હકીકત તેઓને તેમની લેખિત સરતપાસ દરમ્યાન જણાવેલ છે. વધુમાં આ કામના પ્રતિવાદીએ હાજર રહી તેઓનો બચાવ કરેલો નથી. જેથી તે હકીકતો નહી માનવાને કોઈ કારણ નથી.

(૭.૨) આ કામના વાદી ધ્વારા તેઓની દાવા અરજી તથા સોગંદ ઉપરની જુબાની વંચાણે લેવામાં આવે તો આ કામના વાદી, પ્રતિવાદી પાસેથી વીજ ચોરીની રકમ નીકળતી રકમ રૂા.૧,૩૪,૬૬૫–૮૫ પૈસા મેળવવા માટે દાવો કરેલ હોવાની હકીકત જણાવવામાં આવેલ છે. તેમજ તેઓ ધ્વારા તે જ રકમ માટે નોટિસ આપેલ હોવાની હકીકત પણ જણાવવામાં આવેલ છે. જયારે આ કામે આંક–૨૪ થી રજુ રાખવામાં આવેલ બીલ ધ્યાને લેવામાં આવે તો તેમાં બિલની રકમ રૂા.૧,૩૦,૨૪૩–૩૧ પૈસા જણાવવામાં આવેલ છે તેમજ આંક–૨૬ વાળો પત્ર ધ્યાને લેવામાં આવે તો તેમાં પણ બીલની રકમ રૂા.૧,૩૦,૨૪૩–૩૧ પૈસા દર્શાવવામાં આવેલ છે. તેવા સંજોગોમાં આ કામના વાદી, પ્રતિવાદી પાસેથી રૂા.૧,૩૦,૨૪૩–૩૧ પૈસા માંગતા હોવાની હકીકત હકીકત પુરવાર કરી શકેલા હોય, સબબ મુદદા નંબર : ૧, ૨, ૩ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.

(૭.૩) આ કામે વાદી સંસ્થા ધ્વારા પ્રતિવાદી પાસેથી વિલંબીત ચાર્જ તથા ૧૫ ના દરે વ્યાજની માંગણી કરવામાં આવેલ છે. વાદી સંસ્થા વીલંબીત ચાર્જ અને લેણી રકમ પર વ્યાજ એકસાથે મેળવી શકે નહી. વધુમાં આ કામે વાદી સંસ્થા અને પ્રતિવાદી વચ્ચે વીલંબીત ચાર્જ તથા વ્યાજના દર બાબત કોઈ કરાર પણ થયેલ નથી. તેવા સંજોગોમાં આ કામના વાદી પ્રતિવાદી પાસેથી કરાર થયલ હોય તો અને તો જ તેઓ ૧૫% વ્યાજ સહીત તે રકમ વસુલાત મેળવી શકે છે. જો તે માટે કોઈ આધારની જરૂરીયાત હોય, તો અત્રેની અદાલત નામ. SYNDICATE BANK, CHENNAI V/S MOHAN BROTHERS reported in 2004

(10) SCC 549 Supreme Court held that where the contractual rate of interest is mentioned, court can grant as per the terms and condition fixed between the parties. આમ, ઉપરોકત સંજોગો ઘ્યાને લેવામાં આવે તો આ કામે પક્ષકારો વચ્ચે કોઈ જ કરાર થયેલ નથી. જે સંજોગોમાં વાદી સંસ્થાને લેણી રકમ પર ૧૫% વ્યાજ મેળવવા હકદાર બનતા ન હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. વધુમાં વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી વિલંબીત ચાર્જ અગરતો વ્યાજ પૈકી એક મેળવવા હકકદાર ઠરી શકે. આ કામે જયારે પક્ષકારો વચ્ચે વ્યાજ સબબ કોઈ કરાર કે સમજુતી થયેલ ન હોય ત્યારે વાદી સંસ્થા સી.પી.સી. કલમ : ૩૪ અન્વયે વ્યાજ મેળવવા હકકદાર ઠરી શકે અને પ્રવર્તમાન વ્યાજના દરને કેસની હકિકત સાથે ઘ્યાને લેતા વાદી સંસ્થા ઘ્વારા માંગવામાં આવેલ ૧૫ ટકાના દરે વ્યાજ અતિશયોકિત ભર્યુ જણાય છે અને તે સંજોગોમાં પ્રવર્તમાન વ્યાજના દરે હુકમ કરવો ન્યાયિક નિર્ણય કરવો ન્યાયિક ગણી વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી દાવાાની તારીખથી કામચલાઉ આકારણી બીલની રકમ પર ૬ ટકાના દરે વ્યાજ મેળવવા હકકદાર જણાય છે. અને તે સંજોગોમાં મુદદા નંબર : ૪ તથા ૫ નો જવાબ અંશત:હકારમાં ઠરાવી મુદદા નંબર : ૬ સબબ નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

:: હુ ક મ ::

(૧) આથી વાદીનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આથી વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી રકમ રૂા.૧,૩૦,૨૪૩–૩૧ પૈસા (અંકે રૂપિયા એક લાખ ત્રીસ હજાર બસ્સો તેતાલીસ અને એકત્રીસ પૈસા પુરા) વાર્ષિક ૬ ટકાના દરે દાવાની તારીખથી વસુલ ન થાય ત્યાં સુધી મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

(૩) પ્રતિવાદીએ વાદી સંસ્થાને ઉપરોકત હકિકતે લેણી રકમ ચુકવી આપવી.

(૪) પ્રતિવાદીએ પોતાનુ તથા વાદી સંસ્થાના દાવાનું ખર્ચ ભોગવવુ.

(૫) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજ તારીખ ૦૫ મી માહે મે સને ૨૦૨૬ ના રોજ મારા સહી–સિકકા કરી જાહેર કર્યો.

મુકામ : ભાણવડ. (ચેતન હરેશકુમાર માંડલિયા)
તારીખ: ૦૫–૦૫–૨૦૨૬ મુખ્ય સીવીલ જજ, ભાણવડ.
કોડ નં.જી.જે.૦૧૬૮૮